ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓ માટે ગુજરાત
રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૨૬/૦૨/૨૦૧૬

પરિપત્ર-:

આ વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.) થી ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે વિભાગની વેબસાઇટ http://gujhealth.gov.in પર ઉપલબ્ધ છે.

નિયમ-૪ રાજ્ય સરકાર દ્વારા આ નિયમોના નિયમ-૮ હેઠળ એમ્પેનલ્ડ કરવામાં આવેલ હોસ્પિટલોમાં સરકારી કર્મચારી તબીબી સારવાર મેળવી શકશે. એમ્પેનલ્ડ હોસ્પિટલોમાં લીધેલ સારવાર માટે આ નિયમો હેઠળ માન્ય કરેલ પેકેજ રેટ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

નિયમ-૮ રાજ્ય સરકાર વખતોવખત ખાનગી, અર્ધ સરકારી સંસ્થા કે અન્ય બિન સરકારી હોસ્પિટલને તમામ પ્રકારની સારવાર અથવા તો કોઈ પણ એક કે એક થી વધુ રોગની સારવાર(સ્પેશ્યાલીટી) માટે એમ્પેનલ કરવા માટે ધોરણો નક્કી કરી શકાશે. હાલ "મા અમૃતમ" ના દરો મુજબ ખાનગી હોસ્પિટલને એમ્પેનલ્ડ ગણવાની રહેશે.

મા અમૃતમ યોજનામાં સમાવિષ્ટ હોસ્પિટલોની યાદી તથા પેકેજ દર વિભાગની વેબસાઇટ http://gujhealth.gov.in તથા http://www.magujarat.com પર ઉપલબ્ધ છે.

મા અમૃતમ યોજનાના ઓપરેશનો/પ્રોસિજરો,તેના દરો તથા માન્ય હોસ્પિટલોમાં પણ વખતોવખતના સુધારા લાગુ પડશે. જે માટે રોજેરોજની વેબસાઇટ જોવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભક્તિ શામળ)
ઉપ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર

04 MAR 2016

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
  (વિભાગ હસ્તકનાં ખાતાના વડા તથા કચેરીના વડાને જાણ કરવાની વિનંતી સહ)
- રીજીયોનલ ડેપ્યુટી ડાયરેક્ટર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ. સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.